મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

30-06-2025
સોમવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૭૭
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.3-00 ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

### સરકાર અને સરકારી તંત્ર વિકાસના દાવા તો કરે છે પણ વરવી વાસ્તવિક્તા અલગ હોવાનું જોવા મળ્યું છે

# ગુજરાતમાં વરસાદે ખોલી વિકાસની પોલ, ક્યાક રસ્તાઓ ધોવાયા, ક્યાક પાણી ભરાયા, આફતના વરસાદે પ્રશાસનના ભ્રષ્ટાચારને ખુલ્લો કરી દીધો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯
સમગ્ર રાજયમાં મેઘરાજા મનમુકીને વરસી રહ્યા છે. ક્યાંક ધોધમાર તો ક્યાં ધીમીધારે વરસાદથી પ્રકૃતિ ખીલી ઉઠી છે તો ક્યાંક આફતના વરસાદે તંત્રના ભ્રષ્ટાચારને ખુલ્લો કરી દીધો છે. સરકાર અને સરકારી તંત્ર વિકાસના દાવા તો કરે છે પણ વરવી વાસ્તવિક્તા અલગ હોવાનું જોવા મળ્યું છે.

જો ચોમાસામાં રેલવેમાં મુસાફરી કરવી છે અને જો ટાઈમે ટ્રેન ન આવે તો પલળવા માટે તૈયાર રહેજો...રેલવે સ્ટેશન પર બાંકડા પર જ પડી રહેલા આ પાણીને જુઓ...નબળી વ્યવસ્થાથી પેસેન્જરની કેવી સ્થિતિ થતી હશે અહીં?...

ગુજરાતમાં વિકાસના મોટા મોટા દાવા વચ્ચે આદિવાસી વિસ્તારમાં સ્થિતિ કેવી વિકટ છે તે જુઓ...રોડ-રસ્તા કે બ્રિજ ન હોવાને કારણે ઈમરજન્સીના સમયે એમ્બ્યુલન્સ પણ પહોંચી ન શકી...એક સગર્ભા માતાને ઝોળીમાં નાંખીને લઈ જવી પડી...હોસ્પિટલ પહોંચે તે પહેલા જ ડિલીવરી થઈ ગઈ.

પાણીનો તેજ પ્રવાહ અને એ પ્રવાહને પાર કરવા માટે ગ્રામજનોની મહેનતને જુઓ...જવાબદારી તો સરકારની છે કે અહીં કોઈ પુલ કે રસ્તો બનાવી આપે...પણ સરકાર સાંભળતી નથી તો ગ્રામજનોએ વીજ પોલનો જુગાડ કરીને પાણી પાર કરવાનો પ્રયાસ કર્યો...આ છે આપણા ગુજરાતમાં વિકાસની વરવી વાસ્તવિકતા.

ગુજરાતમાં માજા મુકેલા ભ્રષ્ટાચારનો આ બોલતો પુરાવો થોડો વરસાદ વરસ્યો અને ડાયવર્ઝન ધોવાઈ ગયું...અધિકારીઓ, કોન્ટ્રાક્ટર્સ કેટલું કાળુ નાળું દબાવતા હશે તે દ્રશ્યો પરથી જ સમજી શકાય છે...

આ સ્થિતિ છે ગુજરાતમાં વિકાસના દાવા અને વરવી વાસ્તવિકતાની...ચોમાસાના વરસાદ ધોધમાર વરસ્યો પણ આ વરસાદમાં સરકાર અને સરકારી તંત્રની પોલ ખૂલી ગઈ છે. છેવાડાના વ્યક્તિ સુધી વિકાસની વાતો થાય છે પણ હજુ અંતરિયાળ વિસ્તારો વિકાસ ઝંખી રહ્યા છે.




**ગુજરાતમાં એક તરફ સતત વરસાદ પડી રહ્યો છે. બીજીતરફ ભારે વરસાદને કારણે લોકો પરેશાન થઈ રહ્યાં છે. અનેક જગ્યાએ વરસાદને કારણે રસ્તાઓ ધોવાયા છે તો ઘણી જગ્યાએ પાણી ભરાયા છે. વિકાસની વાતો કરતી સરકારની પોલ વરસાદે ખોલી નાખી છે.**

આદિવાસી વિસ્તારમાં લોકો માંગ તો અનેક વખત કરે છે, જ્યાં કરવાની હોય ત્યાં અરજીઓ પણ કરે છે, પણ ગામડાના આ સામાન્ય લોકોનું તંત્ર સાંભળું તો નથી. નર્મદા જિલ્લાના ઉઠાપુર ફળિયા ગામના સ્થાનિકોએ વીજ પોલથી પાણીને પાર કરવાનો રસ્તો બનાવ્યો છે. ગામ લોકોની માગ છે કે અમને એક પુલ બનાવી આપવામાં આવે.

ગુજરાતમાં ઉત્તરથી દક્ષિણ સુધી અને કચ્છથી સૌરાષ્ટ્ર સુધી સાંબેલાધાર વરસાદ વરસી રહ્યો છે. આ વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ખાસ દક્ષિણ ગુજરાતમાં મુશ્કેલી વધારે છે, ધોધમાર વરસાદ અનેક ભ્રષ્ટાચારને પણ ખુલ્લો પાડી રહ્યો છે.

### વર્ષો જૂના પ્રશ્નનો લોકસભા સાંસદ હરિભાઈ પટેલની રજૂઆત થકી નિકાલ થયો

## સુણક ગામે રૂા.૪૯.૧૧ લાખના ખર્ચે તળાવ બ્યુટીફિકેશનના કામની રાજ્ય સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી

**તળાવ બ્યુટીફિકેશનનું કામ સરકારમાં ગામના પનોતા પુત્ર સાંસદ હરિભાઈ પટેલે મંજુર કરાવવા બદલ ગ્રામજનોએ સાંસદનો આભાર વ્યક્ત કર્યો**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯
લોકસભાના સાંસદશ્રી હરિભાઈ પટેલના માદરે વતન એવા ઊંઝા તાલુકાના સુણક ગામે રૂપિયા ૪૯.૧૧ લાખના ખર્ચે તળાવ બ્યુટીફિકેશનના કામની રાજ્ય સરકારના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુણોક ગ્રામજનોના વર્ષો જૂના પ્રશ્નનો લોકસભા સાંસદશ્રી હરિભાઈ પટેલની રજૂઆત થકી નિકાલ થયો છે. સુણક ગામમાં તળાવ



બ્યુટીફિકેશન થકી ગ્રામજનોને વધુ સવલતો મળશે.

નોંધનીય છે કે આજ સુધી સુણક ગામના થયેલા વિકાસના કામોમાં લોકસભા સાંસદશ્રી હરિભાઈ પટેલના મહત્ત્વનો સહયોગ રહેલો છે, તેનું ગામ સાક્ષી રહેલું છે અને હજી ઘણી જ વિકાસની યોજનાઓ પાઈપલાઈનમાં રહેલી છે એ આવનારા સમયમાં સમયાંતરે બહાર પડશે.

જિલ્લા પંચાયત સિંચાઈ યોજના દ્વારા રૂપિયા ૪૯ લાખના ખર્ચે તળાવ બ્યુટીફિકેશન નું કામ સરકાર શ્રીમાં ગામના પનોતા પુત્ર સાંસદશ્રી હરિભાઈ પટેલે મંજુર કરાવવા બદલ ગ્રામજનોએ સાંસદશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

### પોલીસે અકસ્માત કરનાર રિક્ષા ચાલક સામે ગુનો નોંધ્યો

## કડવાસણથી રસોડાનું કામકાજ પતાવીને મહેસાણા પરત ફરતાં અકસ્માતમાં બે મહિલાઓને ઈજાઓ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯
કડવાસણ ગામેથી રસોડાનું કામકાજ પતાવીને મહેસાણા ઘરે આવી રહેલી મહિલાઓની રિક્ષાને કુકસ નજીક સામે આવી રહેલી બીજી રિક્ષાએ અકસ્માત કરતાં બે મહિલાઓને ઈજાઓ પહોંચી હતી. મહેસાણા તાલુકા પોલીસે અકસ્માત કરનાર રિક્ષાચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મહેસાણાના ભોંયરાવાસમાં રહેતાં ગીતાબેન દશરથભાઈ રાવળ રસોડાનું કામ કરે છે. ૨૬ જૂને રાત્રે તેઓ નણંદ ભીખીબેન રાવળ અને રમીલાબેન ઠાકોર સાથે નાગલપુરના પ્રજાપતિ તળસીભાઈ મગનભાઈની રિક્ષામાં કડવાસણ ગામે રસોડાનું કામ પૂર્ણ કરી ઘરે આવવા નીકળ્યા હતા.




ત્યારે કુકસ નજીક મહેસાણા તરફથી આવી રહેલી રિક્ષા (જીજે ૦૨ ટીટી ૩૭૩૫)ના ચાલકે તેમની રિક્ષાની ડ્રાઈવર સાઈડના ભાગે ઢસડાઈ હતી.

પ્રજાપતિ તળસીભાઈ રિક્ષામાં સવાર ગીતાબેન અને રમીલાબેન ઠાકોરને ઈજાઓ થઈ હોવાથી સિવિલમાં ખસેડાયા હતા.

### અમદાવાદ- અંબાજી સ્ટેટ હાઈવે પર ચોમાસા પહેલા જ ખાડાઓની સમસ્યા

## આરોગ્ય મંત્રીના હોમ ટાઉન વિસનગરમાં રસ્તાઓની સ્થિતિ અત્યંત ખરાબ બની : વાહન ચાલકો પરેશાન

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯
વિસનગર શહેરમાં રસ્તાઓની સ્થિતિ અત્યંત ખરાબ બની છે. શહેરમાં પ્રવેશ માટેના તમામ હાઈવે રોડ પર મોટા ખાડાઓ પડ્યા છે. અમદાવાદ-અંબાજી સ્ટેટ હાઈવે પર ચોમાસા પહેલા જ ખાડાઓની સમસ્યા સર્જાઈ છે.પાટણ-ઊંઝા હાઈવે અને વિજાપુર-હિંમતનગર જોડતા માર્ગોની સ્થિતિ પણ કથળી છે. આ ખાડાઓને કારણે અકસ્માતનું જોખમ વધ્યું છે. વિદ્યાર્થીઓને મુસાફરીમાં મુશ્કેલી પડે છે. તો આવો દિવ્ય ભાસ્કરના ગ્રાઉન્ડ રિપોર્ટમાં જોઈએ વિસનગરના રસ્તાઓની વરવી વાસ્તવિકતા.. આઈ.ટી.આઈ.



ઓવરબ્રિજના કામને કારણે બસ સ્ટેશન રોડ પર વાહનોને ડાયવર્ઝન અપાયું છે. બસ સ્ટેશનથી ગાંધીનગર-અમદાવાદ તરફ જતા માર્ગ પર ૮થી ૧૦ ફૂટ ઊંડા ખાડા પડ્યા છે. આ ખાડાઓમાં પાણી ભરાતા વાહન ચાલકોની મુશ્કેલીઓ વધી છે.

તંત્ર દ્વારા રસ્તાઓની મરામત માટે કોઈ કાયમી ઉકેલ લવાતો નથી. હજારો વાહનચાલકો રોજ આ ખરાબ રસ્તાઓ પરથી પસાર થવા મજબૂર છે. સ્થાનિકોની માગ છે કે, તંત્ર તાત્કાલિક આ સમસ્યાનો યોગ્ય ઉકેલ લાવે.

### કાર્યક્રમમાં નિવૃત શિક્ષકો અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું

## કડી તાલુકા માધ્યમિક શાળા કર્મચારી ધિરાણ ગ્રાહક સહકારી મંડળીનો સુવર્ણ જયંતિ મહોત્સવ યોજાયો




(ગરવી તાકાત) કડી તા.૨૯
કડી ભીમનાથ મહાદેવ સામે આવેલ ચંપાબા પટેલ ટાઉન હોલમાં શ્રી કડી તાલુકા માધ્યમિક શાળા કર્મચારી ધિરાણ ગ્રાહક સહકારી મંડળી લિમિટેડનો સુવર્ણ જયંતિ મહોત્સવ યોજાયો હતો.

કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને વિદ્યા ભારતી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ ડો. નીતિન પેથાણી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન નિવૃત્ત શિક્ષકો અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું. નીતિન પટેલે જણાવ્યું કે કડી અને ગાંધીનગર કેમ્પસમાં કુલ ૫૪,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આદર્શ સ્કૂલમાં ૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

કડીના ઔદ્યોગિક વિસ્તાર હોવાને કારણે હિન્દી ભાષી લોકો માટે આદર્શ હાઈસ્કૂલમાં હિન્દી માધ્યમની શાળા પણ શરૂ કરવામાં આવી છે. નીતિન પટેલે શિક્ષણના વિકાસમાં સામૂહિક પ્રયાસોનું મહત્વ સમજાવ્યું.

કાર્યક્રમમાં ધારાસભ્ય રાજેન્દ્ર ચાવડા, કડી માર્કેટ યાર્ડના ચેરમેન ગોવિંદ પટેલ, વાઈસ ચેરમેન હિમાંશુ ખમાર, કડી પાલિકાના પ્રમુખ અનસુયાબેન પટેલ સહિત અનેક અગ્રણીઓ અને શિક્ષકો હાજર રહ્યા.

### સમસ્યાના સમાધાન અંગે ઉદાહરણો સાથે માહિતી આપી હતી

## મહેસાણા તાલુકાના કુકસ ગામે નર્સિંગ કોલેજમાં મહિલાઓની જાતીય સતામણી અંતર્ગત સેમિનાર



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯
મહેસાણા તાલુકાના કુકસ સ્થિત વિશ્વભારતી નર્સિંગ કોલેજમાં કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ-૨૦૧૩ અંતર્ગત સેમિનાર યોજાયો હતો.

જેમાં દહેજ પ્રતિબંધક અધિકારી મુકેશભાઈ પટેલે મહિલાઓની સામાજિક, માનસિક અને આર્થિક પરિસ્થિતિ વિશે તેમજ સમસ્યાના સમાધાન અંગે ઉદાહરણો સાથે માહિતી આપી હતી.

જેન્ડર સ્પેશ્યાલિસ્ટ મહેન્દ્રભાઈ સાધુએ બાળકોના મૂળભૂત અધિકારો, ગુડ ટચ બેડ ટચ તથા પોક્સો એક્ટ વગેરે વિશે, કાયદાકીય તજજ્ઞ શીતલબેન પટેલે કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. ભારતીબેન પટેલે મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ચાલતી મહિલાલક્ષી યોજનાઓની માહિતી આપી હતી.

પુષ્પાબેન ચૌહાણે વન સ્ટોપ સેન્ટરની શરૂઆત, સુવિધાઓ તથા સેન્ટર દ્વારા અપાતી સેવાઓ અંગે માહિતી આપી હતી. આચાર્યા અંજલીબેન સુખડીયા સહિત કોલેજના અધ્યાપકો, કર્મચારીઓ વગેરે સહભાગી બન્યા હતા.

### મંદિરના વહીવટકર્તાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ગુનો દાખલ

## તરભ વાળીનાથ ધામની દાનપેટીમાંથી અજાણ્યા શખ્સે અંદાજે ૭૫ થી ૮૦ હજાર ચોરી કરી પલાયન

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯
વિસનગર તાલુકાના તરભ ગામે આવેલા માલધારી સમાજના આસ્થાના કેન્દ્ર વાળીનાથ ધામમાં ચોરીની ઘટના સામે આવી છે. મંદિરના ગર્ભગૃહની બહાર મૂકેલી લાકડાની દાનપેટીમાંથી અજાણ્યા શખ્સે લોક તોડીને અંદાજે ૭૫થી ૮૦ હજાર રૂપિયાની રોકડ ચોરી કરી છે.

૨૮ જૂન, ૨૦૨૫ની વહેલી સવારે આ ઘટના બની હતી. મંદિરના પૂજારી રાવલ રતનભાઈએ સૌ પ્રથમ આ અંગે મંદિરના વહીવટકર્તા રબારી ગાંડાભાઈ ઉર્ફે વિહાભાઈ મયજીભાઈને જાણ કરી હતી. તપાસ દરમિયાન દાનપેટીનું લોક તૂટેલી હાલતમાં મળ્યું હતું.

પોલીસે ઘટનાસ્થળે પહોંચી CCTVની તપાસ કરી હતી. ફૂટેજમાં એક શખ્સ દેખાયો હોવાનું જાણવા મળ્યું છે.

વિસનગર તાલુકા પોલીસ મથકમાં ગાંડાભાઈ રબારીની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.



**આ પરિસ્થિતિમાં પોલીસની કામગીરી સામે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે**

નોંધનીય છે કે છેલ્લા કેટલાક સમયથી વિસનગર તાલુકા વિસ્તારમાં ચોરીની ઘટનાઓમાં વધારો થયો છે. આ પરિસ્થિતિમાં પોલીસની કામગીરી સામે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે.




# કટોકટી લાદવા પાછળનો હેતુ ભૂલશો નહીં

૧૯૭૫ થી ૭૭ સુધી કોંગ્રેસ સરકાર દ્વારા લાદવામાં આવેલી કટોકટી ભારતના લોકશાહી ઈતિહાસનો સૌથી કાળો પ્રકરણ છે. તે સમયગાળા દરમિયાન, ઈન્દિરા સરકારે બંધારણની મૂળભૂત ભાવનાને બાજુ પર રાખી અને લોકશાહીની આત્મા, બંધારણીય સંસ્થાઓ, પ્રેસની સ્વતંત્રતા, ન્યાયતંત્રની નિષ્પક્ષતા અને નાગરિક અધિકારો પર હુમલો કર્યો. કટોકટીનો સમયગાળો ભારતના લોકશાહી ઈતિહાસમાં એક કલંક જેવો છે. આ અંગે ઘણી ચર્ચા થઈ છે. પુસ્તકો પણ લખાયા છે, પરંતુ આ પાસાની બહુ ચર્ચા થઈ નથી કે કટોકટી લાદવા પાછળ ઈન્દિરા ગાંધીનો હેતુ શું હતો? જો ઈન્દિરા ગાંધી ૧૯૭૭માં ફરીથી સત્તામાં આવ્યા હોત, તો ભારતના લોકશાહી અને બંધારણના મૂળભૂત માળખા પર તેની શું અસર પડી હોત?

કટોકટી દરમિયાન કરવામાં આવેલ ૪૨મો બંધારણીય સુધારો બંધારણની મૂળ ભાવનાને બદલવાનો પ્રયાસ હતો. તેના મૂળમાં એક-પક્ષીય વ્યવસ્થા સ્થાપિત કરવાનો હેતુ હતો. એક રીતે, તે બંધારણને જ બદલવાનો પ્રયાસ હતો. આ સુધારા દ્વારા, ન્યાયતંત્રની સ્વતંત્રતા ઓછી કરવામાં આવી, નાગરિક અધિકારો મર્યાદિત કરવામાં આવ્યા અને ઈન્દિરા ગાંધીએ તેમની સરકારને અસાધારણ સત્તાઓ આપી.

કોંગ્રેસના મુખપત્ર નેશનલ હેરાલ્ડે કટોકટીના સમર્થનમાં તેના સંપાદકીયમાં લખ્યું કે દેશનો એક-પક્ષીય લોકશાહી તરફ આગળ વધવાનો સમય આવી ગયો છે. ઈન્દિરાના નજીકના સહયોગી બી.કે. નેહરુ, જે એક અનુભવી રાજદ્વારી પણ હતા, તેમણે કટોકટીની પ્રશંસા કરતા એક પત્રમાં લખ્યું હતું કે સંસદીય લોકશાહી આપણી જરૂરિયાતોનો જવાબ આપવા સક્ષમ નથી.

તેમણે ઈન્દિરા ગાંધીને વિનંતી કરી કે હવે જ્યારે તમારી પાસે બે-તૃતીયાંશ બહુમતી છે, તો બંધારણમાં મૂળભૂત ફેરફારો કરો. તેથી, એ શંકા પાયાવિહોણી નથી કે જો ઈન્દિરા ગાંધી ૧૯૭૭ માં સત્તામાં પાછા ફર્યા હોત, તો આ પ્રક્રિયા ઝડપી થઈ હોત. બંધારણના મૂળભૂત માળખાને નબળા બનાવવા માટે વધુ સુધારા લાવવામાં આવ્યા હોત, જેમ કે ન્યાયતંત્રની સ્વતંત્રતા, સંઘીય વ્યવસ્થા, નાગરિક અધિકારો અને ચૂંટણીની નિષ્પક્ષતા. તો ભારતની લોકશાહી ઓળખ જોખમમાં આવી હોત.

કટોકટી દરમિયાન, ઈન્દિરા ગાંધીએ અસંમત વિરોધી પક્ષો પર કડક નિયંત્રણો લાદ્યા, સેંકડો નેતાઓને જેલમાં ધકેલી દીધા અને ઘણા બિન-રાજકીય સંગઠનોના અવાજને પણ દબાવી દીધા. આ પાછળનો તેમનો હેતુ બહુપક્ષીય લોકશાહી વ્યવસ્થાને નબળી પાડવાનો અને દેશમાં એક-પક્ષીય વ્યવસ્થાને મજબૂત બનાવવાનો હતો. આ એક અલોકતાંત્રિક વિચાર હતો. આ હેઠળ, ઈન્દિરા ગાંધી કોંગ્રેસને એકમાત્ર રાજકીય શક્તિ બનાવવા માંગતા હતા.

જો આ પ્રયોગ સફળ થયો હોત, તો દેશની નિર્ણય લેવાની પ્રક્રિયા લોકશાહી વ્યવસ્થાને બદલે 'એક પક્ષ-એક પરિવાર' ની વ્યક્તિગત ઈચ્છાઓ દ્વારા ચલાવવામાં આવી હોત. કટોકટી દરમિયાન, નોકરશાહીને કોંગ્રેસ પાર્ટીના એજન્ડા પ્રત્યે વફાદાર બનાવવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. યોગ્યતા અને ન્યાયીપણાને અવગણીને, ફક્ત વફાદારીના આધારે પ્રમોશન આપવામાં આવ્યા હતા. કટોકટી દરમિયાન સમર્પિત નોકરશાહીનો ખ્યાલ પણ ઉભરી આવ્યો. જો ૧૯૭૭ માં કોંગ્રેસ સરકાર ફરીથી રચાઈ હોત, તો એવી દરેક આશંકા હતી કે આ નીતિ વધુ આક્રમક રીતે લાગુ કરવામાં આવી હોત.

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, ઝછ૯, ચૂંટણી પંચ જેવી સ્વતંત્ર વહીવટી સંસ્થાઓને બિનઅસરકારક બનાવવામાં આવી હોત અને 'પ્રતિબદ્ધ નોકરશાહી' બનાવવામાં આવી હોત. કોંગ્રેસ દ્વારા સમયાંતરે આવા પ્રયાસો કરવામાં આવ્યા છે, તેથી આ આશંકા વધુ મજબૂત બને છે. દેશમાં લોકશાહીનો પાયો નાખનારાઓએ સ્વતંત્ર અને સ્વાયત્ત ન્યાયતંત્રની જોગવાઈ કરી હતી. ઈન્દિરા સરકારે પણ તેને સરકાર પ્રત્યે પ્રતિબદ્ધ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ૫૩.૬૮ કરોડમાંથી ૧૧ કરોડથી વધુ નિષ્ક્રીય; કરોડો ખાતામાં 'ઝીરો બેલેન્સ'

# જન-ધન યોજનાનો 'દમ' ઘુંટવા લાગ્યો?! ૩ વર્ષમાં માત્ર ૮૭૧ને વીમા કવચનો લાભ

નવી દિલ્હી,તા.૨૯

ગરીબો-છેવાડાનાં માનવીઓને બેંકીંગ સિસ્ટમમાં જોડવા તથા સામાજીક સુરક્ષા પ્રદાન કરવાના ઉદ્દેશ સાથ ૧૧ વર્ષ પુર્વે શરૂ થયેલી જન-ધન-યોજના હવે 'દમ' તોડવા લાગી છે. બેંકોની બેદરકારી આકરી શરતો તથા અધૂરી માહિતીને કારણે લોકોને મૂળ ઉદેશ જેવો લાભ મળતો નથી.આ યોજનામાં અકસ્માત વીમો મુખ્ય આકર્ષણ હતું. પરંતુ તેનો લાભ જુજ લોકોને જ મળી શકયો છે અને કરોડો બેંક ખાતા નિષ્ક્રીય થઈ ગયા છે.નાણા મંત્રાલય દ્વારા આરટીઆઈ હેઠળ જારી કરવામાં આવેલી વિગતો પ્રમાણે ૨૦૨૨-૨૩થી ૪ઓકટોબર ૨૦૧૪ સુધી દુર્ઘટનામાં જીવ ગુમાવનારા ૧૦૪૦ જનધન ખાતા ધારકોમાંથી માત્ર ૮૭૫ ના પરિવારજનોને વીમાનાં નાણાં મળી શકયા હતા આ યોજના હેઠળ બે લાખ રૂપિયા વીમા પેટે મળે છે. આનો અર્થ એવો થાય છે કે ત્રણ વર્ષમાં માત્ર ૮૭૫ લોકોને વીમા કવચનો લાભ




મળ્યો છે.

૨૮ સપ્ટેમ્બર ૨૦૧૪થી શરૂ થયેલી જનધન યોજનામાં પ્રારંભીક તબકકે એક લાખ રૂપિયાનું વીમા કવચ નકકી થયુ હતું તે ૨૦૧૮ માં વધારીને બે લાખ કરવામાં આવ્યું હતું. યોજનાની શરતો પ્રમાણે જન-ધન ખાતુ સક્રિય હોય અને છેલ્લા ત્રણ માસમાં નાણાંકીય વ્યવહાર થયો હોય તો જ દુર્ઘટના વીમાનો લાભ મળે છે. આ શરત વિશે મોટાભાગનાં ખાતેદારો અજાણ હોય છે. પરીણામે લાખો નિષ્ક્રીય ખાતા ધારકો યોજનાનો લાભ લઈ શકતા નથી.

રીપોર્ટ પ્રમાણે જન-ધન યોજના હેઠળ દેશમાં કુલ ૫૩.૬૮ કરોડ ખાતા છે. તેમાં ૨.૩૩ લાખ કરોડ રૂપિયા જમા છે.મધ્યપ્રદેશને લાગે વળગે છે. ત્યાં સુધી ૪.૪૧ કરોડ ખાતા છે. દેશભરના કુલ ખાતામાંથી ૧૧.૨૪ કરોડ ખાતા નિષ્ક્રીય બહાર થઈ ગયા છે.કારણ કે લાંબા સમય સુધી તેમાં કોઈ નાણાંકીય વ્યવહારો થયા નથી. અકસ્માત વીમાના દાવા રિજેકટ થવાનું આ મોટુ કારણ છે.

રાજયવાર આંકડા ચકાસવામાં આવે તો ઉતરપ્રદેશમાં ૯.૫૭ કરોડ જનધન ખાતામાંથી ૨.૩૧ કરોડ ખાતા નિષ્ક્રીય છે.બિહારમાં ૬.૧૧ કરોડમાંથી ૯૧.૫૩ લાખ, મહારાષ્ટ્રમાં ૩.૫૯ કરોડમાંથી ૭૩.૧૩ લાખ, રાજસ્થાનમાં ૩.૬૦ કરોડમાંથી ૬૭.૧૮ લાખ, છતીસગઢમાં ૧.૭૯ કરોડમાંથી ૩૧.૨૦ લાખ તથા પશ્ર્ચિમ બંગાળમાં ૫.૨૨ કરોડમાંથી ૭૭.૮૨ લાખ ખાતા છે.આ સિવાય લાખો-કરોડો ખાતાઓમાં કોઈ બેલેન્સ જ નથી. અર્થાત નાણાં જમા નથી.

મધ્યપ્રદેશનાં બિલાસપુરનો આઘાતજનક કિસ્સો પણ પ્રકાશમાં આવ્યો છે. ૨૦૨૪-૨૫ માં માર્ગ અકસ્માતમાં ૩૫૦ લોકોના મોત થયા હતા. તેમાંથી માત્ર ૧૨ ને જ વીમા કવચનો લાભ મળ્યો છે. નિષ્ક્રીય ખાતા ઉપરાંત યોજનાની માહીતી ન હોવાનું પણ કારણ હતું. બેંકોમા કોઈ દાવા થતા નથી અને બેંકો પણ કોઈ રસ લેતી નથી.

# ૬૦૦ થી વધુ ઓનલાઈન ગેમિંગ એપ્સ પર સંપૂર્ણ પ્રતિબંધની થયેલી માંગણી!

નવી દિલ્હી,તા.૨૯

ઓનલાઈન જુગારની જાળથી લોકોને બચાવવા માટે કેટલાક લોકો અને સંસ્થાઓએ મોટા પાયે અભિયાન પણ શરૂ કર્યું છે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી, ભાજપનાં વરિષ્ઠ નેતા અને ગાંધી સ્મૃતિ અને દર્શન સમિતિનાં ઉપાધ્યક્ષ વિજય ગોયલે પણ થોડા સમય પહેલાં જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરીને જુગાર પર પ્રતિબંધ લગાવવાની માંગ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, લોકો પહેલાં શોખ તરીકે ઓનલાઈન જુગાર રમે છે અને પછી જ્યારે તેમને આદત પડી જાય છે અને તેઓ પૈસા ગુમાવવાનું શરૂ કરે છે, ત્યારે ઘણાં લોકો આત્મહત્યા કરવા સુધી પહોંચી જાય છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારોએ તેને ગંભીરતાથી લેવું જોઈએ અને ઓનલાઈન જુગાર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો જોઈએ. તેમણે દાવો કર્યો હતો કે દેશભરમાં ૨૪ કરોડ લોકો જુગારની જાળમાં ફસાયા છે.

સાથે જ તેની સામે ઝુંબેશ ચલાવતી સંસ્થા સોસાયટી અગેઈન્સ્ટ ગેમ્બલિંગના લીગલ એડવાઈઝર એડવોકેટ લલિત શર્માએ જણાવ્યું હતું કે, જુગારની સમાજ પર થતી ખરાબ અસરોને ધ્યાનમાં રાખીને અમે પાંચ વર્ષ પહેલાં આ ફિલ્ડમાં કામ કરવાનું શરૂ કર્યું હતું.

આ કાર્યને વધુ વ્યવસ્થિત રીતે કરવા માટે, અમે એક સોસાયટી બનાવી છે જેની ટીમ બાળકો અને તેમનાં માતાપિતાને આ જોખમ સામે લડવા અંગે જાગૃત કરવા માટે ઝૂંપડપટ્ટી અને શાળાઓની પણ મુલાકાત લઈ રહી છે. અત્યારે અમે ૧૦ વિસ્તારોમાં જનજાગૃતિ અભિયાન ચલાવી રહ્યાં છીએ.




### 'ઘણી ગેરકાયદેસર એપ્લિકેશનો ચાલી રહી છે'

**દેશમાં હાલ ૬૦૦થી વધુ જુગારની એપ્સ ચાલી રહી છે, જે સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. તે ન તો ભારતમાં ક્યાંય નોંધાયેલી છે કે ન તો તે સરકારને જીએસટી ચૂકવે છે. આ એપ્સ પણ ગેમ્બલિંગ એક્ટનું ઉલ્લંઘન કરી રહી છે. અમે કેન્દ્ર સરકારનાં વિવિધ મંત્રાલયોને તેમની તપાસ માટે પત્ર લખ્યો હતો.**

### રોકડ વિદેશમાં મોકલવામાં આવે છે

**લલિતના જણાવ્યાં પ્રમાણે સરકારની નજરથી બચવા માટે એપ ચલાવતી કંપનીઓ અનેક ઇ-કોમર્સ કંપનીઓનાં નામે જુગારનાં પૈસા એકઠાં કરે છે અને પછી તે પૈસા રોકડમાં ઉપાડીને વિદેશ મોકલી દે છે. અમારી જાણકારી મુજબ આ ઓનલાઇન જુગારની એપ્સ ભારતમાં દુબઇ, માલ્ટા અને સાયપ્રસથી ચલાવવામાં આવી રહી છે.**

## ૭૦% ટુ વ્હીલર હશે... પાર્કિંગ, ઇંધણ અને પ્રદૂષણ માથાનો દુખાવો બનશે

# યુપી-બિહાર-મહારાષ્ટ્ર-એમપી-ગુજરાતમાં વાહનોમાં સૌથી ઝડપી વધારો થવાની ધારણા

નવી દિલ્હી. તા.૨૯

ભારતમાં વાહનોની સંખ્યા ઝડપથી વધી રહી છે. આનાથી પ્રદૂષણની સાથે પાર્કિંગની પણ સમસ્યા ઉભી થઈ રહી છે. કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયર્નમેન્ટ એન્ડ વોટર (CEEW) દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા અહેવાલ મુજબ, ૨૦૨૩ માં ૨૨.૬ કરોડ વાહનોની સરખામણીમાં ૨૦૫૦ સુધીમાં ૫૦ કરોડથી વધુ વાહનોનો અંદાજ છે.

આનાથી પાર્કિંગની સાથે ઈંધણ અને પ્રદૂષણની પણ સમસ્યાઓ ઉભી થશે. ઝઈઈઉ અભ્યાસ ભારતમાં વાહનોની સંખ્યા અને કુલ માલિકીનો પરિવહન ખર્ચ અને ઈંધણની માંગનો અંદાજ લગાવવામાં આવ્યો છે.

વાહનોની સંખ્યામાં મોટાભાગનો વધારો ઉત્તર અને પશ્ચિમી રાજ્યોમાં થશે. ઉત્તર પ્રદેશમાં ૯ કરોડથી વધુ વાહનો હશે. બિહાર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગુજરાતમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળશે. દક્ષિણ રાજ્યોમાં ઓછી વસ્તીને કારણે વાહન વૃદ્ધિમાં સ્થિરતા



જોવા મળશે.

કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે પ્રયાસો વધુ તીવ્ર બનાવવા પડશે

કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે, બસ અને ટ્રક શ્રેણીઓમાં ઈલેક્ટ્રિક અને ન્દ્રય (લિક્વિફાઈડ નેચરલ ગેસ) વાહનોને અપનાવવાને પ્રાથમિકતા આપવી જોઈએ.

વ્યસ્ત રૂટ પર ટ્રક અને બસો માટે LNG રિફ્યુઅલિંગ અને ઉચ્ચ-ક્ષમતાવાળા ઈફ ચાર્જિંગ સ્ટેશનો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. ખર્ચ ઘટાડવા માટે બેટરી ઉત્પાદન માટે સ્થાનિક સંશોધન અને વિકાસ (RD) માં રોકાણ કરવા પર પણ ધ્યાન આપવું પડશે.

### ઈફ વધારવા પર ખાસ ધ્યાન આપવું પડશે

**ભારતની રોડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ એક મહત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશી રહી છે. ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં પરિવર્તન સંબંધિત નિર્ણયો ઇંધણ સપ્લાયર્સ અને વાહન ઉત્પાદકોને સીધી અસર કરે છે. ઇલેક્ટ્રિક વાહનોમાં વધારો કરવાની સાથે ક્રૂડ ઓઇલ રિફાઇનરીઓની ક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરવું મહત્વપૂર્ણ છે. - હેમંત માલ્યા, ફેલો, CEEW**

### પાર્કિંગ અને ચાર્જિંગ મોટા પડકારો

**વાહનોની ઝડપથી વધતી સંખ્યા સાથે, પાર્કિંગ અને ચાર્જિંગની ઉપલબ્ધતા એક મોટો પડકાર છે. ખાનગી પાર્કિંગ ધરાવતા ગ્રાહકો ઈફ અપનાવવાની શક્યતા વધુ ધરાવે છે. તેઓ પોતાના ચાર્જર ઇન્સ્ટોલ કરી શકે છે. સરકારે મોટા શહેરોમાં પાર્કિંગની લાક્ષણિકતાઓનો ડેટા તૈયાર કરવો જોઈએ. જાહેર પાર્કિંગ વિસ્તારોમાં ધીમી ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવી શકાય છે.**

# જયપુર-આગ્રા હાઈવે પર અકસ્માતઃ રોહતકના એક પરિવારના ચાર સભ્યોના મોત થયાં

રોહતક,તા.૨૯

રોહતકના ખેડી સાધના રહેવાસી પરિવારના ચાર સભ્યો મહેંદીપુર બાલાજીથી પરત ફરતી વખતે અકસ્માતમાં મૃત્યુ પામ્યા. ઘટનાની માહિતી મળ્યા બાદ, પરિવારના સભ્યો ગામથી પાંચ વાહનોમાં રાજસ્થાન જવા રવાના થયા.

IMT પોલીસ સ્ટેશને જણાવ્યું હતું કે ખેડી સાધ ગામની રહેવાસી પ્રમિલા (૪૬), તેના પુત્ર દીપાંશુ (૨૧), પુત્રી સાક્ષી (૧૭) અને પાડોશી રાજબાલા (૬૦) સાથે રાજસ્થાનના મહેંદીપુર બાલાને મળવા માટે કારમાં ગઈ હતી.

જ્યારે તેમના પડોશના અન્ય લોકો પણ કારમાં ગયા હતા. બંને કારમાં સાત લોકો જયપુર-આગ્રા હાઈવે પરથી પરત ફરી રહ્યા હતા. રસ્તામાં, દીપાંશુની કાર હાઈવે પર પાર્ક કરેલા કેન્ટર સાથે અથડાઈ ગઈ અને બધા લોકો ગંભીર રીતે ઘાયલ થયા. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

જ્યાં બધાને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. દીપાંશુના બીમાર પિતાનું એક મહિના પહેલા જ અવસાન થયું હતું. ટક્કર એટલી ભયંકર હતી કે ઘાયલોને કારમાંથી કાઢવામાં લગભગ અડધો કલાક લાગ્યો અને પછી તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્ત્રોત પણ મળી શકે છે. જો તમે વાણીમાં મધુરતા અને સૌમ્યતા જાળવી રાખશો તો તમને માન અને સન્માન પણ મળશે.

**વૃષભઃ** આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે જ્યારે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે, ત્યારે શાસન અને સત્તા સાથે જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

**મિથુનઃ** આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાઈ શકે છે. હાથમાં પૂરતી રકમ હોવાનો આનંદ મળશે.

**કર્કઃ** તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે, તેમનો સહકાર તમને પારિવારિક જીવનમાં સુખ આપશે.

**સિંહઃ** આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

**કન્યાઃ** કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો, આવી સ્થિતિમાં તમારી કિંમતી વસ્તુઓ ગુમાવવાનો કે ચોરી થવાનો ભય રહેશે, તેથી તમારી વસ્તુઓનું ધ્યાન રાખો.

**તુલાઃ** આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે વધુ સારું રહેશે કે તમે વિલંબ કર્યા વગર ડોક્ટરને મળો. તમે તમારા માતા-પિતા સાથે સારો સમય પસાર કરશો.

**વૃશ્ચિકઃ** આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઇક પ્લાન કરી શકો છો. ટૂંકા અંતરની મુસાફરી પણ આજે થવાની સંભાવના છે.

**ધનઃ** આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો. પારિવારિક જીવન માટે દિવસ અનુકૂળ રહેશે. તમને તમારા જીવનસાથી તરફથી ટેકો અને ખુશી મળશે.

**મકરઃ** આજે તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. દિવસની શરૂઆતમાં કોઈ પણ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે, તેથી સાવચેત રહો અને ઝઘડા ટાળો.

**કુંભઃ** આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ગૌણ કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહકાર પણ મળશે.

**મીનઃ** આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા પક્ષ તરફથી નોંધપાત્ર રકમ ભેટ મળી શકે છે.

## ફિલ્મી ગપશપ

### 'મૈં કોન હું...?':શૂટિંગ સેટ પર અમરીશ પુરીની યાદશક્તિ જતી રહી હતી, પોતાનું નામ પણ ભૂલી ગયા; ગંભીર માહોલ બની ગયો હતો



ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ' ના શૂટિંગ દરમિયાન એક્ટ્રેસ કાજોલ થોડા સમય માટે પોતાની યાદશક્તિ ગુમાવી બેઠી હતી. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં કાજોલે જણાવ્યું હતું કે અમરીશ પુરી સાથે પણ આવું જ બન્યું હતું.

કાજોલે મેશેબલ ઈન્ડિયાને કહ્યું, ×અમરીશજીએ પણ પોતાની યાદશક્તિ ગુમાવી દીધી હતી. તેઓ અજય સાથે એક ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા હતા. તેમને ધોધ નીચેથી બહાર નીકળવા માટે એક શોટ આપવો પડ્યો. ધોધનું પ્રેશર ખૂબ વધારે હોય છે. અજયે મને કહ્યું કે તેમના માથા પર પેડિંગ નહોતી. જ્યારે તેઓ બહાર આવ્યા ત્યારે તેમને કંઈ યાદ નહોતું.×કાજોલે આગળ કહ્યું- 'તે પૂછી રહ્યા હતા, હું કોણ છું? હું શું કરી રહ્યો છું?' સેટ પર બધા ગભરાઈ ગયા હતા. લગભગ ત્રણ કલાક પછી તેમની યાદ શક્તિ પાછી આવી.× તેણે એમ પણ કહ્યું કે- તે રમુજી લાગે છે, પરંતુ તે ખૂબ જ ગંભીર હતું. અમરીશ પુરી અને અજય દેવગણે ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. આમાં 'ટાર્ઝનઃ ધ વન્ડર કાર', 'ફૂલ ઔર કાંટે', 'હલચલ' અને 'ગેર' જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. ઈન્ટરવ્યૂમાં કાજોલે જણાવ્યું હતું કે- અમરીશ પુરીને અજય ખૂબ ગમતો હતો.

૧૯૮૦-૯૦ના દાયકામાં અમરીશ પુરી ખલનાયકની ભૂમિકાઓ માટે ફેમસ હતા. મિસ્ટર ઈન્ડિયામાં તેમનું 'મોગેમ્બો' પાત્ર આજે પણ યાદ કરવામાં આવે છે. 'વિધાતા', 'શક્તિ', 'નગીના', 'કરણ-અર્જુન', 'ઘાયલ', 'ગદર' જેવી ફિલ્મોમાં તેમની ખલનાયકની ભૂમિકાઓ ખાસ હતી.હિન્દી ઉપરાંત, અમરીશે તેલુગુ, તમિલ, મલયાલમ, કન્નડ અને મરાઠી ફિલ્મોમાં પણ અભિનય કર્યો. તેમણે વિદેશી ફિલ્મોમાં પણ કામ કર્યું, જેમ કે 'ઈન્ડિયાના જોન્સ'માં મોલા રામ અને 'ગાંધી'માં દાદા અબ્દુલ્લા. તેમને ત્રણ વખત ફિલ્મફેર એવોર્ડ પણ મળ્યા છે. તેમણે 'ફૂલ ઔર કાંટે', 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે', 'વિરાસત' જેવી ફિલ્મોમાં પણ સકારાત્મક ભૂમિકાઓ ભજવી.

ગુજરાત હાઇકોર્ટમાં થયેલી એક સુનાવણી દરમિયાન એક પક્ષકાર કુદરતી હાજતે જવાના ટોયલેટ સીટ ઉપરથી ઓનલાઇન સુનાવણીમાં જોડાતા ભારે આશ્ચર્ય સર્જાયું હતું અને આ બાબતનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે

# ગુજરાત હાઇકોર્ટમાં સુનાવણી દરમિયાન પક્ષકાર ટોયલેટમાં બેઠા બેઠા લાઈવ-ટેલીકાસ્ટમાં જોડાયો



અમદાવાદ, તા.૨૮

કેસની વિગતો મુજબ ગુજરાત હાઈકોર્ટમાં બે અરજદારોએ પોતાની સામે થયેલી ફરિયાદ રદ કરવા અરજી કરી હતી. જે ૨૦ જૂન, ૨૦૨૫ના રોજ જજ નિર્ઝર દેસાઈની કોર્ટમાં ઉપસ્થિત થઈ હતી.

આ કેસની કાર્યવાહી પહેલા ફરિયાદી અબ્દુલ સમદ પોતાના ફોનથી હાઈકોર્ટની સુનાવણીમાં ઓનલાઈન જોડાયો હતો. જેને યુટ્યુબ ઉપર જોઈ શકાતો હતો. જેમાં સુરતનો અબ્દુલ સમદ ટોઈલેટમાં બેઠેલો જોવા મળે છે. હાલ આ વીડિયો વાઈરલ થયો છે.અબ્દુલ સમદ બેટરી અને ઈન્વર્ટરનું કામ કરે છે. તે નમાઝ પઢવા કિમ રેલવે સ્ટેશન પાસે આવેલ જુમ્મા મસ્જિદમાં ગયો હતો. ત્યારે દરવાજો ખોલતા એક આરોપીને દરવાજો વાગ્યો હતો.ત્યાર બાદ આરોપી અને તેના ભાઈએ મળીને અબ્દુલ સમદને ગાળો આપી હતી અને માર મારીને ફરી મસ્જિદમાં નમાજ ન પઢવા આવવા ધમકી આપી હતી.

### કન્ટેમ્પ્ટ અરજી દાખલ કરી દંડ ફટકારવામાં આવી શકે

**આ દરમિયાન જ્યારે ૬૪ નંબરની અરજી ઉપર સુનાવણી ચાલી રહી હતી. ત્યારે તે ટોઇલેટમાં હોવાની અને શૌચ ક્રિયા કરી હોવાનું સ્પષ્ટ રીતે દેખાઈ આવ્યું હતું. સામાન્ય રીતે આવા કેસો હાઇકોર્ટની કન્ટેમ્પ્ટ બેન્ચને રીફર કરવામાં આવે છે. જે આરોપીને દંડ ઉપરાંત સામાન્ય સજા પણ કરતી હોય છે. ત્યારે આ કેસમાં પણ હાઈકોર્ટ કન્ટેમ્પ્ટ અરજી દાખલ કરી આરોપીને દંડ કરવામાં આવે તેવી પૂરી શક્યતા છે.અગાઉ કોર્ટ આવા કેસમાં એક વ્યક્તિને ૦૨ લાખ રૂપિયા દંડ અને કોમ્યુનિટી સર્વિસની સજા તેમજ એક વ્યક્તિને ૨૫ હજાર રૂપિયા દંડ કર્યો હતો. એક વ્યક્તિ પોતાના એક કેસમાં માર્ચ મહિનામાં સિંગલ જજની બેંચ સમક્ષ ટોઇલેટમાંથી ઓનલાઇન જોડાયો હતો. આ વ્યક્તિએ મ.જીષ્ઠનો અભ્યાસ કર્યો હતો અને તે પ્રતિષ્ઠિત કંપનીમાં કામ કરતો હતો. હવે આ નવો વિડીયો વાઇરલ થયો છે.**

જે મુદ્દે અબ્દુલ સમદે સુરતના કીમ પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદી અને આરોપી વચ્ચે સમાધાન થતા આરોપીઓએ ફરિયાદ રદ કરવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. જ્યારે કોઈ ફરિયાદ રદ કરવાની હોય ત્યારે હાઈકોર્ટ ફરિયાદીને પૂછે છે કે શું તે આ ફરિયાદ રદ કરવા માંગે છે?જેથી જવાબ આપવા અબ્દુલ સમદ ઓનલાઈન હાઈકોર્ટમાં જોડાયો હતો. પરંતુ તેની અરજી ઉપર સુનાવણી થાય તે પહેલા જ કોર્ટ રૂમમાં તે ટોઈલેટમાં બેઠા બેઠા કનેક્ટ થયો હતો.

## અષાઢના આરંભે જ વરસાદી વ્યાપ વધ્યો : ૨૧૫ તાલુકામાં મેઘમહેર

# સુરત સતત ધમરોળાઈ છેઃ સાબરકાંઠા-વલસાડ-નવસારી-જુનાગઢ-ગીર સોમનાથ જિલ્લામાં વધુ જોર : રાજયમાં સિઝનનુ 30 ટકા પાણી વરસી ગયુ



(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૯

અષાઢના આરંભે ગુજરાતમાં વરસાદી વ્યાપ વધ્યો હોય તેમ રાજયના પાંચેય ઝોનમાં મેઘસવારી હતી. વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયાના ચિત્ર વચ્ચે હવામાન વિભાગ દ્વારા વધુ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી.

ગુજરાત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના રિપોર્ટ પ્રમાણે છેલ્લા ચોવીસ કલાકમાં રાજયના તમામ ૩૩ જીલ્લાના કુલ ૨૧૫ તાલુકાઓમાં હળવો ભારે વરસાદ પડયો હતો. સૌથી વધુ ૬ ઈંચ વરસાદ જુનાગઢના માળીયાહાટીનામાં નોંધાયો હતો. રાજયમાં અત્યાર સુધીનો સરેરાશ વરસાદ ૨૫૬.૫૬ મીમી થયો છે જે સિઝનના કુલ વરસાદના ૨૯.૧૩ ટકા થવા જાય છે. ૨૪ તાલુકાઓમાં ૨૦ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો હતો.

કેટલાંક દિવસોના મેઘવિરામ બાદ સૌરાષ્ટ્રમાં વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો હોય તેમ સાર્વત્રિક મેઘસવારી હતી. જુનાગઢ, ગીર સોમનાથ તથા અમરેલી જીલ્લામાં જોર વધુ હતું. સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, બોટાદ, ભાવનગર જીલ્લાઓમાં હળવો-ભારે વરસાદ નોંધાયો હતો.

રાજયના ઉતર તથા દક્ષિણના ભાગોમાં એકધારો વરસાદ વરસતો રહ્યો હોય તેમ સાબરકાંઠાના વડાલીમાં પણ ૬ ઈંચ પાણી વરસ્યુ હતું. ઈડર તથા ખેડબ્રહ્મામાં ૪-૪ ઈંચ વરસાદ હતો. પાટણ, બનાસકાંઠામાં ધમાધમ વરસાદ હતો.

સુરત જીલ્લો વરસાદમાં ધમરોળાતો હોય તેમ મહુવામાં પાંચ ઈંચ પાણી વરસ્યુ હતું. બારડોલી-ચોર્યાસીમાં ૪-૪ ઈંચ વરસાદ હતો. સુરતમાં ત્રણ ઈંચ પાણી વરસ્યુ હતું.

આ સિવાય નવસારીના ખેરગામમાં પાંચ ઈંચ, ચીખલીમાં સાડા ચાર ઈંચ, ગણદેવીમાં ચાર ઈંચ, નવસારીમાં ૩ ઈંચ, વલસાડના ઉમરગામમાં ત્રણ ઈંચ વરસાદ હતો. મધ્ય ગુજરાતમાં વરસાદનુ જોર ધીમુ પડયુ હતું.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આજે રાજયમાં વરસાદી માહોલ જોવા મળી શકે છે. અનેક વિસ્તારોમાં અતિભારે વરસાદની શકયતા વ્યક્ત કરી છે. સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૩૦ જૂન સુધી રાજયમાં ભારેથી અતિ ભારે વરસાદની શકયતા છે. કેટલાક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાશે. રાજયની મોટી નદીઓમાં પુરની સ્થિતિ સર્જાઈ શકે છે.

# ભારતમાં દર ૪ મીનીટે એક મહિલાનું સ્તન કેન્સરનું નિદાન થાય છે ,મેમોગ્રાફી તપાસ ખુબ જ મહત્વપુર્ણ : ડો.પુજા તન્ના

રાજકોટ તા.૨૯

રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ)ના નિષ્ણાંત મેડીકલ ઓક્રોલોજીસ્ટ ડો.પુજા તન્ના એ મહિલાઓમાં થતા કેન્સરના રોગો અને મુંજવતા પ્રશ્નો અંગે માહિતી આપતા જણાવેલ હતુ કે મહિલાઓમાં થતા કેન્સરમાં જાગૃતિના અભાવનાં કારણે સમયસર સારવાર ન મળતા કેન્સર જીવલેણ બીમારીમાં પરિણમે છે .

બધી જાતના કેન્સરોમાંથી ૨૮.૨ % તો સ્તનના જ કેન્સર જોવા મળે છે.૨૮ માંથી એક સ્ત્રીને ભવિષ્યમાં કેન્સર થવાની સંભાવના છે.આ પરથી સ્તન કેન્સરનો ફેલાવો કેટલો છે.

મહિલાઓને સ્તન કેન્સર સામાન્ય રીતે ૪૦ થી ૭૦ વર્ષથી મોટી ઉંમરે જોવા મળે છે. કયારેક નાની ઉંમરે પણ જોવા મળે છે. સ્તનમાં કે બગલમાં ગાંઠ હોવી, સ્તન ઉપરની ચામડી ઉપર લાલાશ આવવી કે સંતરાની છાલ જેવી થવી અને જો કેન્સર આગળ વધે તો સ્તનમાં ચાંદુ પડવું કે ડીટડી માંથી લોહી પણ નીકળવા માંડે છે. એક હથ ઉંચો કરી બીજા હાથે ગાંઠ છે કે તે પોતાની જાતે જોઈ શકે.



મોટી ઉંમરની મહિલાઓએ દર બે મહિને આ તપાસ કરવી જરૂરી છે. સ્તન કેન્સરમાં કઈ તપાસ ખાસ જરૂરી છે ? સ્તનની સોનોગ્રાફી જેને મેમોગ્રાફી કહે છે.

તે ખાસ કરાવવી જરૂરી છે. ૪૦ થી ૪૫ વર્ષ પછી મહિલાઓએ દર વર્ષે આ તપાસ કરાવવી જેથી પ્રાથમીક અવસ્થામાં જ ગાંઠ પકડાઈ જાય.

# વૃદ્ધાવસ્થાએ એવી અવસ્થા છે, જ્યારે તમને બધાસવાલોના જવાબ આવડતા હોય, પણ પૂછવાવાળુ કોઈ હોતુ નથી?



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



આજે અષાઢ મહિનાનો પહેલો સોમવાર અષાઢી પાંચમું ગુપ્ત નવરાત્ર છે.વર્ષમાં આવતી ચાર નવરાત્રિનું વિશેષ મહત્ત્વ રહેલું છે. અષાઢી ગુપ્ત નોરતાંને ગાયત્રી કે શાકંભરી નવરાત્રિ પણ કહેવાય છે અને ગુપ્ત નવરાત્રિમાં આત્મ બળ ઊર્જાની પ્રાપ્તિ માટે દેવીની મહાવિદ્યાની સાધના કરવાનું માહાત્મ્ય રહેલું છે. જ્યોતિષાચાર્યના જણાવ્યા અનુસાર શાસ્ત્રોમાં ચાર નવરાત્રિ નું વિશેષ વર્ણન છે, જેમાં ચૈત્ર માસમાં આવતી ચૈત્રી નવરાત્રિ, આસો માસમાં આવતી શારદીય (આસો) નવરાત્રિ તેમજ માઘ અને અષાઢ માસમાં આવતી ગુપ્ત નવરાત્રિ કહેવાય છે. શક્તિ એટલે ઊર્જા આત્મબળ અને એ જ ઊર્જા અને આત્મબળની પ્રાપ્તિ દેવીસાધના વિના શક્ય નથી.આ નવરાત્રિ પર્વમાં કૂળદેવી, ચામુંડામાતાજી કે ગાયત્રીમાતાજી નું અનુષ્ઠાન પણ કરવામાં આવે છે.આ નવરાત્રિમાં સવાલાખ મંત્ર નું અનુષ્ઠાન કરાય છે.ઘણાભક્તો ગાયત્રી ચાલીસા, ગાયત્રીશતક, ચંડીપાઠ,દેવીઅથર્વ શીર્ષના પાઠ પણ કરે છે.આજે આપણેભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએતો શ્રીકૃષ્ણ કથા અને શ્રીકૃષ્ણકીર્તન વિના કળિયુગમાં બીજો કોઈ તરવાનો ઉપાય નથી કળિયુગમાં મનુષ્યોનો ઉદ્ધાર અન્ય સાધનોથી થઈ શકશે નહીં ફક્ત શ્રીકૃષ્ણ કીર્તન શ્રીકૃષ્ણ સ્મરણથી કળિ યુગમાં મનુષ્યોનો ઉદ્ધાર થશે.પરમાત્મા ની લીલા કથાનું વર્ણન આપઅતિ પ્રેમપૂર્વક કરો.સર્વ સાધનનું ફળ પ્રભુ પ્રેમ છે.આપ તો જ્ઞાની છો મહારાજ, આપનેવધુ શું કહું? મારી જ કથા આપને કહું છું.હું કેવો હતો અને કેવો થયો આમ કહી નારદજી પોતાના પૂર્વ જન્મની કથા સંભળાવે છે,ને કથા શ્રવણ અને સત્સંગનું ફળ બતાવે છે.

નારદજી કહે છે કે, હું દાસીપુત્ર હતો. મને આચારવિચારનું ભાન હતું નહીં, પરંતુ મેં શ્રીકૃષ્ણ-કથા સાંભળી એટલે મારું જીવન પલટાયું. આ બધી મારા ગુરુની કૃપા છે.

વ્યાસજી નારદને કહે છે, તમારા પૂર્વજન્મની કથા કહો.

નારદજી કહે છેઃ ''સાંભળો, હું ૭-૮ વર્ષનો હતો. મારા પિતા નાનાપણમાં મૃત્યુ પામેલા. મારી મા દાસી તરીકે કામ કરતી હતી. હું ભીલ બાળકો સાથે રમતો. મારા પુણ્યનો ઉદય થતાં અમે જે ગામમાં રહેતા હતા, ત્યાં ફરતાં ફરતાં સાધુઓ આવ્યા. ગામલોકોએ મને સંતોની સેવામાં મૂક્યો. મને સંતોનાં એકલાં દર્શન નહીં પરંતુ સાથે તેઓની સેવા કરવાનો લાભ મળ્યો.કોઈ મહા પુરુષની પ્રત્યક્ષ સેવા ન કરો ત્યાં સુધી મનમાંથી વાસના જતી નથી અંદરના વિકારો જતા નથી. મારા ગુરુ પ્રભુભક્તિમાં રંગાયેલા હતા મને સાચા સંતની સેવા મળી એમના સંગથી મને ભક્તિનો રંગ લાગ્યો.ગુરુએ મારું નામ હરિદાસ રાખ્યું.''

તેમણે કહ્યું કે, સામાન્ય મનુષ્યોથી અનુસરી શકાય તેવો સહેલો માર્ગ એછેકે સર્વ સાથે પ્રેમ કરો અથવા એક પ્રભુ સાથે જ પ્રેમ કરો. આત્મા-પરમાત્મા એક છે. મારા ગુરુદેવ તો પ્રેમની મૂર્તિ હતા. ગુરુજી ઊઠતાં પહેલાં હું ઊઠતો. ગુરુજી સેવા કરે ત્યારે ફૂલ તુલસી હું લઈ આવતો. મારા ગુરુજી દિવસમાં બે વખત કીર્તન કરે. સવારે બ્રહ્મસૂત્રની ચર્ચા કરે, પણ રોજ રાત્રે શ્રીકૃષ્ણકથા શ્રીકૃષ્ણ કીર્તન કરે.કનૈયો તેમને બહુ વહાલો મારા ગુરુદેવના ઈષ્ટદેવ બાલકૃષ્ણ હતા.

હું કીર્તનમાં જતો, કથા સાંભળતો હું બહુ ઓછું બોલતો હતો.કારણ હું જાણી ગયો હતો કે,બહુ બોલ નાર સંતોને ગમતા નથી,પણ મૌન રાખી સેવા કરનાર ઉપર સંત કૃપા કરે છે.આ ત્રણગુણ મારામાં હતા.

મને રમવાનું બહુ ગમે. એક દિવસ હું કથામાં ગયો. મારા ગુરુદેવ શ્રી કૃષ્ણ કથાનું વર્ણન કરતા હતા. મેં કથામાં બાળલીલા સાંભળી.નાના બાળકો કનૈયાને બહુ વહાલાંલાગે છે.કથા શ્રવણ કરતાં પ્રભુ પ્રત્યે મને સદભાવ જાગ્યો. શ્રીકૃષ્ણ કથા એ પ્રેમકથા છે.શ્રીકૃષ્ણકથા માં યોગીઓને,સ્ત્રીઓને,બાળકો ને સર્વને આનંદ આવે છે.

શ્રીકૃષ્ણની કથા જ એવી દિવ્ય છે કે તે સર્વને આનંદ આપે છે. શ્રીકૃષ્ણ કથામાં એવો આનંદ આવવા લાગ્યો કે, મારું રમવાનું છૂટી ગયું. હું રમવાનું ભૂલી ગયો.

કૃષ્ણકથામાં ગુરુદેવ પાગલ બને. એ જોઈ હું સમજી ગયોકે મનુષ્ય સંસાર પાછળ પાગલ બન્યો છે. તેમાંથી મુક્ત થઈ ભગવાનપાછળ પાગલ બને,તો જીવ શિવ એક થાય.

સંતની આંખ શુદ્ધ હોય છે, પવિત્ર હોય છે. સંતની આંખમાં શ્રીકૃષ્ણ બેઠેલા હોય છે. સંત ત્રણ પ્રકારે કૃપા કરે છે.સંત જેની તરફ વારં વાર નિહાળશે તેનું જીવન સુધરશે માળા કરતાં જેને સંભારશે તેનું જીવન સુધરશે. પ્રેમમાં જેને ભેટી પડશે તેનું કલ્યાણ થશે.મારા ગુરુ મને વારંવાર નિહાળે, કહે, આ છોકરો બહુ ડાહ્યો છે. ગુરુજીને આનંદ થાય કે આ જીવ જાતિ હીન છે, પણ કર્મહીન નથી. સંત જેને પ્રેમથી નજર આપે છે તેનું કલ્યાણ થાય છે.

હું દાસીપુત્ર હતો. મને ખાવાનું કોણ આપે? એક દિવસ સંતો જમી રહ્યા પછી હું તેઓના એઠાં પતરાવળાં ઊઠાવતો હતો, ત્યાં ગુરુજીએ પૂછયુંઃ હરિદાસ, તેં ભોજન કર્યું કે નહીં? મેં ના પાડી. ગુરુને મારા પર દયા આવી. ગુરુદેવે મને આજ્ઞા કરી, આ પતરાવળમાં મેં જે રાખ્યું છે તે તારા માટે છે. એ મહાપ્રસાદ છે તે તું જ ખાજે! મેં પ્રસાદ લીધો.

શાસ્ત્રની મર્યાદા છે કે ગુરુજીની આજ્ઞા વિના તેમનું ઉચ્છિષ્ટ ખાવું નહીં. સંત કલ્યાણની ભાવનાથી પ્રસાદ આપે તો કલ્યાણ થાય છે. મેં પ્રસાદ ગ્રહણ કર્યો. મારાં સર્વ પાપ નાશ પામ્યાં.મને શ્રીકૃષ્ણપ્રેમ નો લંગ લાગ્યો.તે દિવસે હું કીર્તન માં ગયો. તે વખતે મને નવો જ અનુભવ થયો. હું આનંદમાં થૈ થૈ નાચવા લાગ્યો. અતિ આનંદમાં દેહાધ્યાસ છૂટે છે. કીર્તનભક્તિ શ્રીકૃષ્ણને અતિશય પ્રિય છે.મને બાલ કૃષ્ણનો અનુભવ થયો.

સંપત્તિ આપીને સુખી કરે એ સંત નહીં. પણ તમારા મનને સુધારે, સ્વભાવને સુધારે, તમારી ભક્તિને વધારે અને સુખી કરે તે સંત.

નારદ પોતાની વાત આગળ ચલાવતાં કહે, 'હું ઓછું બોલતો હતો એટલે મારા ઉપર સંતની કૃપા થઈ.' સંતો સર્વમાં સદ્ભાવ રાખે છે. પણ ગુરુદેવે મારા ઉપર ખાસ કૃપા કરી મને ગુરુદેવે ગાયત્રી મંત્ર આપ્યો.આ મંત્ર ચિત્તશુદ્ધનો મંત્ર છે.

ચાતુર્માસ પૂરો થતાં ગુરુજીને ગામ છોડીને જવાનો દિવસ આવ્યો. ગુરુજી હવે જવાના તે જાણી મને દુઃખ થયું.મેં ગુરુજીને કહ્યુંઃ 'ગુરુજી, આપ મને સાથે લઈ જાવ. હું આપને શરણે છું. હું તમારે ઓટલે પડયો રહીશ. હું તમારું હલકામાં હલકું કામ કરીશ.' ગુરુદેવે કહ્યું કે, 'આ જન્મમાં તારે તારી માતાનું ઋણ ચૂકવવાનું છે, માટે માનો ત્યાગ કરીશ નહીં. નહીં તો તારે ફરીથી જન્મ લેવો પડશે.

તું ઘરમાં રહી પ્રભુનું ભજન કર!'

ત્યારે મેં તેમને કહ્યુંઃ ''આપે કથામાં કહ્યું હતું કે પ્રભુના ભજનમાં જે સાથ આપે તે જ સગો છે. એ જ સાચો સ્નેહી. મારી માતા જો મારા ભજનમાં વિક્ષેપ કરનારી હોય તો મારે શું મારી માતાનો ત્યાગ ન કરવો? સંસારી માબાપને એવી ઈચ્છા થતી નથી કે મારો પુત્ર પરમાત્મામાં તન્મય થાય, ભાગવતભક્ત થાય, માટે મને તો તમારી જોડે જ લઈ જાઓ!'

મીરાંબાઈને લોકોએ બહુ ત્રાસ આપ્યો,ત્યારે મીરાંબાઈએ તુલસી દાસજીને પત્ર લખ્યો.હુંત્રણ વર્ષની હતી,ત્યારથી ગિરધરગોપાલસાથે પરણી છું.આ સગાંસંબંધીઓ મને બહુ ત્રાસ આપે છે. મારે હવે શું કરવું?તુલસીદાસજીએચિત્રકૂટ થી પત્ર લખ્યો કે કસોટી સોનાની થાય છે, પિત્તળની નહીં. તારી આ કસોટી થાય છે.જેને સીતા રામ પ્યારાં ન લાગે,જેને રાધા કૃષ્ણ પ્યારાં લાગે એવો જો સગો ભાઈ હોય તો પણ તેનો સંગ છોડી દેવો. દુસંગ સર્વથા ત્યજવા યોગ્ય છે.

મીરાંબાઈએ પત્ર વાંચ્યો પછી મેવાડનો ત્યાગ કર્યો અને વૃંદાવન આવ્યાં. ભક્તિ વધારવી હોય તો મીરાંબાઈનું ચરિત્ર વાંચો.

સંસારી મા-બાપ પુત્રને પણ સંસારનું જ્ઞાન આપે છે. એટલે નારદજી કહે છે કે હું માના સંગમાં રહીશ તો ભજનમાં વિક્ષેપ થશે.

ત્યારે ગુરુજીએ કહ્યું,તું માનો ત્યાગ કરે એ મને ઠીક લાગતું નથી. ઠાકોરજી બધું જાણે છે. . તારા ભજનમાં જો તારી મા વિક્ષેપ કરશે તો ઠાકોરજી કાંઈક લીલા કરશે. ભક્તિમાં વિઘ્ન કરનારનો ભગવાન વિનાશ કરે છે. કદાચ તારી માને ઉઠાવી લેશે અથવા તારી માની બુદ્ધિ ભગવાન સુધારશે. માટે ઘરમાં રહે અને આ મહામંત્રનો જપ કર.માનો અનાદર કરીશ નહીં. સતત જપ કરવાથી પ્રારબ્ધ ફરે છે. જપની ધારા તૂટે નહીં તે ખ્યાલ રાખજે.

મેં ગુરુજીને કહ્યું, આપ જપ કરવાનું કહો છો,પણ હું તો અભણ દાસીપુત્ર છું. જપ કેમ કરીશ? જપની ગણતરી કઈ રીતે કરીશ?

ગુરુજીએ કહ્યું, જપ કરવાનું કામ તારું છે.જપ ગણવાનું કામ શ્રી કૃષ્ણ કરશે. જપ તું કરજે અને ગણશે કનૈયો.જે પ્રેમથી ભગવાન નું સ્મરણ કરે છે, તેની પાછળ પાછળ ભગવાન ફરે છે મારા પ્રભુને બીજું કોઈ કામ નથી, જગતની ઉત્પત્તિ, સંહાર વગેરેનું કામ માયાને સોંપી દીધું છે,એમણે ભક્તોને સાંભળવાનું રાખ્યું છે.

પરમાત્માનાં નામનો જે જપ કરેછે તેની પાછળ પાછળ પરમાત્મા ફરે છે.પાકિસ્તાન ભૂકંપથી હચમચ્યું તો કચ્છ રાપર ભચાઉ વિસ્તારમાં મેઘરાજાની પધરામણી થઈ ખેડૂતોમાં આનંદ ની લાગણી. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## થરા માર્કેટયાર્ડ સામાન્ય ચુંટણી માટે આજે સવારે નવ વાગ્યાથી મતદાન થશે

# ભાજપ પ્રેરિત પેનલ અને પૂર્વ ચેરમેન અણદાભાઈ પટેલ વચ્ચે કાંટાની ટક્કર : ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બની

(ગરવી તાકાત) થરા તા.૨૯

કાંકરેજ તાલુકામાં જ નહીં સમગ્ર બનાસકાંઠા જિલ્લાના રાજકારણીઓ સહકારી આગેવાનોને છેલ્લા એક વર્ષથી દોડધામ કરાવતી થરા માર્કેટ યાર્ડ ની સામાન્ય ચુંટણી મતદાનનો દિવસ આજે તા.૩૦/૦૬/૨૦૨૫ ને સોમવાર આવતાં જ બંને પેનાલોમાં અસમંજસની સ્થિતિ જોવા મળી રહી છે.કુલ ૧૪ બેઠકો જેમાં વેપારી મત વિભાગ ની ૪-ચાર અને ખેડૂત મત વિભાગની ૧૦-દશ બેઠકો માટે આજે ખરાખરીનો જંગ જામશે. ભાજપ પ્રેરિત પેનલ વેપારી મત વિભાગમાં બે બ્રાહ્મણ એક ઠક્કર,એક પટેલ જ્યારે પૂર્વ.ચેરમેન અણદાભાઈ પટેલ પેનલ વેપારી મત વિભાગમાં ત્રણ બ્રાહ્મણ એક પ્રજાપતિ ઉમેદવાર છે.ભાજપ ખેડૂત મત વિભાગના ૧૦ દશ બેઠકોમાં ૪- ચાર પટેલ,૨ બે દરબાર,,૨ બે ઠાકોર,,૨ બે દેસાઈ,પૂર્વ.ચેરમેન અણદાભાઈ પટેલ ખેડૂત પેનલમાં



સાત પટેલ,એક દેસાઈ,એક દરબાર,એક ઠાકોર ઉમેદવાર ચૂંટણી જંગમાં ઝંપલાવયું છે.આમ આજે કાંકરેજ તાલુકા

ના વેપારી મથક થરા માર્કેટ યાર્ડની સામાન્ય ચૂંટણીનું વેપારી મત વિભાગના ૪ ચાર અને ખેડૂત મત વિભાગના ૧૦ એમ ચૌદ સભ્યો માટે ચૂંટણી મતદાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે સવારે નવ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી થશે.અનેક કાવાદાવા આક્ષેપો પ્રતિ આક્ષેપો પછી આજે તા. ૩૦/૦૬/ ૨૦૨૫ સોમવારે સવારે નવ વાગ્યાથી સાંજ પાંચ વાગ્યા સુધી થરા માર્કેટયાર્ડ ખાતે ૪-ચાર વેપારી મત વિભાગની બેઠક માટે ૬૨ બાસઠ મતદારો અને ૧૦- દશ વેપારી મત વિભાગની બેઠક માટે ૪૮૦૦ જેટલા મતદારો ચુંટણી મતદાન કરશે.

મતગણતરી આવતી કાલે તા.૦૧/૦૭/૨૦૨૫ મંગળવારે સવારે નવ વાગ્યાથી શરૂ થશે .★

## કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકા વિસ્તારમાં ઓવર બ્રીજની બંને બાજુના

# સર્વિસ રોડ ખાડામાં મોટો ખાડો હોવાથી સાવધાન થરા સર્વિસ રોડ ચાડિયો ચેતવે છે : પ્રજા પરેશાન

(ગરવી તાકાત) થરા તા.૨૯

કાંકરેજ તાલુકાની પ્રજા કાળઝાળ ગરમી બફારાથી ત્રાહિમામ પોકારી કાગડોળે મેઘરાજાના આગમનની રાહ જોઈ રહી છે.. આકાશમાં કાળા ડીબાંગ વાદળો ચડી આવે છે પણ નેતાઓની જેમ લલચાવીને ચાલ્યાં જાય છે થરા નગર પાલિકા વિસ્તારમાંથી નેશનલ હાઈવે નંબર-૨૭ નીકળેલ છે જેમાં ભાભર રોડથી પોલીસ સ્ટેશન સુધી એક કી.મી.જેટલો એક ફૂટથી એકવીસ ફૂટ ઊંચો ઓવર બ્રીજ બનાવતાં થરા શહેર ત્રણ ચાર ભાગમાં વહેંચાઈ ગયું સાથે ઓવર બ્રીજની બંને સાઈડમાં લોકલ અવરજવર માટે સર્વિસ રોડ તથા બે મોટાં અને એક નાનું ગરનાળું ફૂટપાથ ગટર સાથે બનાવ્યું પરંતુ આ રોડની કે ગટરની મરામત કે સફાઈ ઘણાં



વર્ષોથી નહી થતાં અને રૂની રોડ,જુના પોલીસ ક્વોટર ભવાની સોસાયટી આગળ સામાન્ય વરસાદે પાણી ભરાઈ જાય છે તેમાં બાઈક,રિક્ષા, નાના વાહનોના અક્સ્માત થતાં હોય છે છતાં તંત્રની આંખ નહીં ખૂલતાં વેપારીઓએ ખેતરમાં કૃષિ પાક રક્ષણ માટે ચાડિયો બનાવે તેમ લોકોને બચાવવા એક ચાડિયો ખાડામાં ઊભો કરી તેના પર મોટો ખાડો હોવાથી સાવધાન થરા સર્વિસ રોડ લખાણ લખી લોકોને ચેતવ્યા છે. થરામાં રખડતા અખલા ગાયોથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.થરા પી.એમ.શ્રી પ્રાથમિક શાળા નં.૨ પાસે તો પચાસથી સો જેટલાં ગાયો આખલાના ઝુંડ ટોળાં ભેગા થાય છે જેનાથી નાનાં બાળકોને જીવનું જોખમ રહે છે.

આ શાળાના મુખ્ય દરવાજા આગળ કેટલા કહેવાતા જીવદયા પ્રેમી ઓએ ઘાસ નાખી ઢોરવાડો બનાવી દીધો છે તો બીજા દરવાજા આગળ સામાન્ય વરસાદે ઢીંચણ સમા પાણી ભરાઈ નાનાં બાળકોને અને શિક્ષક સ્ટાફને એ ગંદા પાણીમાંથી પસાર થઈ જવું પડે છે ત્યારે થરા પાલિકા ચીફ ઓફિસર ખુરશી છોડી થરા નગરની સામાન્ય સમસ્યાઓનું નિરિક્ષણ કરી ઉકેલવા પગલાં ભરશે કે પછી ભલા તોરી રામા..

## સપ્તેશ્વર મહાદેવ મંદિર પાસે પર્યાવરણ સંરક્ષણનું કદમ

# ઈડરના આરસોડિયા ગામના લોકોએ ૨૦૦ લીમડાના રોપાનું કરવામાં આવેલ વાવેતર

(ગરવી તાકાત) ઈડર તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં સપ્તેશ્વર મહાદેવ મંદિર વિસ્તારમાં પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વનું પગલું લેવામાં આવ્યું છે. સપ્તેશ્વરથી ફુદેડા ઓવરબ્રિજ સુધીના વિસ્તારમાં ૨૦૦ લીમડાના રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે.

આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં આરસોડિયા ગામના પૂર્વ સરપંચ નટવરસિંહ, વર્તમાન સરપંચ કમિટીના સભ્યો, ગામના યુવાનો અને આરસોડિયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. સુસ્વા વૉટરપાર્કના સ્ટાફે પણ આ અભિયાનમાં સહયોગ આપ્યો.

ટીમે ચોમાસા દરમિયાન કુલ ૧૦૦૦ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નક્કી



કર્યો છે. આ ઉપરાંત, શ્રાવણ માસમાં સપ્તેશ્વર મહાદેવ મંદિરે આવતા યાત્રાળુઓની સુવિધા માટે પાર્કિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે.

## સાવરકુંડલામાં સામાજિક વનીકરણ રેન્જ અને સદભાવના ગ્રુપ દ્વારા ૧૦૦૦ રોપાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યા

# ઉષામૈયાના આશીર્વાદ અને ધારાસભ્ય તેમજ વન વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં પર્યાવરણ જાગૃતિનો પ્રસાર

(ગરવી તાકાત) સાવરકુંડલા તા.૨૯

સાવરકુંડલા પર્યાવરણ સંરક્ષણ અને શહેરમાં હરિયાળી વધારવાના ઉમદા હેતુ સાથે, સાવરકુંડલાના સામાજિક વનીકરણ રેન્જ તેમજ અગ્રણી સામાજિક સંગઠન, સદભાવના ગ્રુપ દ્વારા આજે 'એક પેડ મા કે નામ' શીર્ષક હેઠળ એક ભવ્ય રોપા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રિદ્ધિ સિદ્ધિ ચોક ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૦૦૦થી વધુ ફૂલછોડના રોપાઓનું શહેરીજનોને વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ પરમ પૂજ્ય ઉષામૈયા શિવ દરબાર આશ્રમ (કાનાતળાવ) ના શુભ આશીર્વાદથી સંપન્ન થયો હતો. આ પ્રસંગે સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા તેમજ વન વિભાગના અધિકારીઓ ખાસ



ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સદભાવના ગ્રુપના આ પ્રશંસનીય કાર્યને બિરદાવ્યું હતું, જે 'ગ્રીન સન્ડે, ગ્રીન સાવરકુંડલા' અભિયાનને વેગ આપશે.

સદભાવના ગ્રુપ દ્વારા સામાજિક વનીકરણ રેન્જ, સાવરકુંડલા ના સહયોગથી ગુલાબ, ટગર, જામફળી, જાસુદ, ગ્રીન ટી, અને કરેણ જેવા વિવિધ પ્રકારના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આયોજકોના જણાવ્યા મુજબ, શહેરીજનોમાં આ પહેલ પ્રત્યે ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. રોપા મેળવવા માટે શહેરીજનોએ અગાઉથી જ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને સવારે દસ વાગ્યાથી જ રોપા મેળવવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

સદભાવના ગ્રુપ દ્વારા 'એક પેડ મા કે નામ' ના સૂત્ર સાથે પર્યાવરણ સંરક્ષણનો આ સંદેશો શહેરભરમાં પહોંચાડવામાં આવ્યો હતો. આવા કાર્યક્રમો સાવરકુંડલાને વધુ લીલુંછમ અને સ્વચ્છ બનાવવામાં મદદરૂપ થશે તેમજ શહેરીજનોમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ વધારશે. સદભાવના ગ્રુપ ભવિષ્યમાં પણ આવી સામાજિક અને પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ ચાલુ રાખવા કટિબદ્ધ છે.

## જિલ્લાના જળાશયોમાં પણ સારી એવી આવક નોંધાઈ છે

# સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં સૌથી વધુ ૫૮ મીમી વરસાદ, જળાશયોમાં પાણીની આવક શરૂ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૯

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સર્વત્ર વરસાદી માહોલ જોવા મળ્યો છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ પ્રાંતિજમાં ૫૮ મીમી નોંધાયો છે. સૌથી ઓછો વરસાદ વડાલીમાં ૫ મીમી નોંધાયો છે.

તાલુકાવાર વરસાદની વિગતો જોઈએ તો, ખેડબ્રહ્માામાં ૧૩ મીમી, વિજયનગરમાં ૨૦ મીમી, ઈડરમાં ૭ મીમી, હિંમતનગરમાં ૧૩ મીમી, તલોદમાં ૨૪ મીમી અને પોશીનામાં ૨૮ મીમી વરસાદ નોંધાયો છે. પ્રાંતિજમાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારો અને રસ્તાઓ



પર પાણી ભરાયા હતા. જિલ્લાના જળાશયોમાં પણ સારી એવી આવક નોંધાઈ છે. હાથમતી જળાશયમાં ૧૭૫ ક્યુસેક, જવાનપુરામાં ૫૦ ક્યુસેક અને હરણાવ જળાશયમાં ૧૩૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. ખેડવા જળાશયમાં ૪૫૦ ક્યુસેક આવક સામે ૪૫૦ ક્યુસેક જાવક નોંધાઈ છે. ધરોઈ જળાશયમાં ૮૬૮ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે.

## સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકામાં ભારે વરસાદના કારણે

# કાનપુર-રેવાસ પાસે નેશનલ હાઇવે ઉપરના ડાયવર્ઝન ફરી શરૂ કરાયું : તંત્ર દ્વારા ૪૮ કલાકમાં જ વાહન વ્યવહાર શરૂ કર્યો

(ગરવી તાકાત) ઈડર તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં ભારે વરસાદ ના કારણે અને ઉપર વાસ માં સતત પાણીના પ્રવાહ વધતાં ભેંસકા નદી ઉપરના ડાયવર્ઝન રોડ ને પાણીના સતત વધેલા પ્રવાહ કારણે ડાયવર્ઝન ને બે વખત નુકશાન પહોચતા વાહન વ્યહાર ખોરવાયો હતો જેના કારણે વાહન ચાલકો ને ખુબજ મુશ્કેલી પડતી હતી પરતું તંત્ર દ્વારા ૪૮ કલાકમાં ઝડપી કામગીરી કરી



ડાયવર્ઝન નું કામ અને સમારકામ કરી ફરીથી વાહનવ્યહાર શરૂ કરાતાં લોકોમાં રાહત ની લાગણી અનુભવી રહ્યા છે ઈડર – ભિલોડા શામળાજી માટે અવર-જવર કરતા વાહન ચાલકો તથા ખેડૂતો પણ હાલમાં રાહત અનુભવી રહ્યા છે.

હવે વધુ વરસાદ પડશે ત્યારે ભેસકા નદી માં પુર આવશે ત્યારે આ ડાયવર્જન ને કેટલું નુકશાન થશે ત્યારે વાહન ચાલકો કયા થી જશે તે જોવું રહ્યું.

## વરસાદથી વિસ્તારના ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે

# બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તથા ઈકબાલગઢ સહિત આસપાસના ગામોમાં વરસાદી ઝાપટા પડ્યા



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૯

બનાસકાંઠા જિલ્લામાં વરસાદી માહોલ સર્જાયો છે. અમીરગઢ, ઈકબાલગઢ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારથી વરસાદના ઝાપટા પડી રહ્યા છે.

વરસાદની આ સિઝનમાં આવેલો આ વરસાદ ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે. ખેડૂતોએ જણાવ્યું કે વરસાદથી ખેતીવાડીને ફાયદો થશે. જાંજરવા, આંબાપાણી અને ધનપુરા સહિતના વિસ્તારોમાં પણ વરસાદી છાંટા નોંધાયા છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં પણ વરસાદની શક્યતા છે.

આ વરસાદથી વિસ્તારના ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# સંક્ષિપ્ત સમાચાર

## શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૯

આજે રોજ વિસનગર તાલુકા ના વાલમ ક્લસ્ટર ની ગોકળપુરા પ્રા. શાળા, તરભ પ્રા. શાળા તેમજ ચરણગિરી હાઈસ્કૂલ માં પ્રવેશોત્સવ ની ઉજવણી કરવામાં આવી. જેમાં શ્રી દેવેશભાઈ ચૌધરી, રાજ્ય વેરા અધિકારી શ્રી, વિસનગર તેમજ શ્રી દિપકભાઈ ચૌધરી, લાયજન ઓફિસર તરીકે સમગ્ર કાર્યક્રમ માં ઉપસ્થિત રહી બાળકો ને પ્રવેશ અપાવ્યો અને સારા ભવિષ્ય માટે આશીર્વાદ પણ આપ્યા. તમામ શાળાઓ માં ખૂબ જ ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી.

## જયપુર-આગ્રા હાઇવે પર અકસ્માતઃ રોહતકના એક પરિવારના ચાર સભ્યોના મોત થયાં

રોહતક,તા.૨૮

રોહતકના ખેડી સાધના રહેવાસી પરિવારના ચાર સભ્યો મહેંદીપુર બાલાજીથી પરત ફરતી વખતે અકસ્માતમાં મૃત્યુ પામ્યા. ઘટનાની માહિતી મળ્યા બાદ, પરિવારના સભ્યો ગામથી પાંચ વાહનોમાં રાજસ્થાન જવા રવાના થયા. **IMT** પોલીસ સ્ટેશને જણાવ્યું હતું કે ખેડી સાધ ગામની રહેવાસી પ્રમિલા (૪૬), તેના પુત્ર દીપાંશુ (૨૧), પુત્રી સાક્ષી (૧૭) અને પાડોશી રાજબાલા (૬૦) સાથે રાજસ્થાનના મહેંદીપુર બાલાને મળવા માટે કારમાં ગઈ હતી.

જ્યારે તેમના પડોશના અન્ય લોકો પણ કારમાં ગયા હતા. બંને કારમાં સાત લોકો જયપુર-આગ્રા હાઈવે પરથી પરત ફરી રહ્યા હતા. રસ્તામાં, દીપાંશુની કાર હાઈવે પર પાર્ક કરેલા કેન્ટર સાથે અથડાઈ ગઈ અને બધા લોકો ગંભીર રીતે ઘાયલ થયા. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં બધાને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. દીપાંશુના બીમાર પિતાનું એક મહિના પહેલા જ અવસાન થયું હતું. ટક્કર એટલી ભયંકર હતી કે ઘાયલોને કારમાંથી કાઢવામાં લગભગ અડધો કલાક લાગ્યો અને પછી તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા.

## રાજકોટમાં ૧૪ વર્ષની છોકરીએ તેની સહેલી સાથે કર્યા લગ્ન, જાણ થતાં જ પરિવાર પર આભ ફાટ્યું

રાજકોટ,તા.૨૮

બિહારના એક ગામડામાં રહેતી ૧૪ વર્ષની છોકરીને લગભગ ત્રણ વર્ષ પહેલા પડોશી છોકરી સાથે પ્રેમ થયો હતો. બંનેના પરિવારોને આ વાતની ખબર પણ નહોતી. ધીમે ધીમે, બંને વચ્ચે પ્રેમ વધતો ગયો હતો અને તે લગ્ન સુધી પહોંચ્યો હતો. હાલમાં, બંને તેમના ગામથી દૂર રાજકોટ આવ્યા અને લગ્ન કર્યા હતા. આ લગ્ન પછી બંને દિલ્હી ચાલી ગઈ હતી. આ ઘટનાના જ્યાંથી તેમના પરિવારોને સમાચાર મળ્યા છે, ત્યારથી બંને પરિવારોએ છોકરીઓને બાળ સુરક્ષા એકમમાં મોકલી દીધી હતી. સગીર છોકરી બે વર્ષથી દિલ્હીમાં તેની બહેન સાથે રહેતી હતી. તેથી, તે તેની બહેનના કેટલાક મિત્રોને જાણતી હતી. લગ્ન પછી, બંને છોકરીઓ રાજકોટથી સીધી દિલ્હીમાં મિત્રના ઘરે બહેનના ઘરે પહોંચી હતી. કોઈ ઉકેલ ન આવતાં, આ છોકરીના એક મિત્રએ પરિવારને જાણ કરી હતી. આ બાદ, બંને પરિવારો દિલ્હી પહોંચ્યા અને દીકરીઓને લઈ ગયા હતા.

જ્યારે પરિવાર બંને છોકરીઓને ગામમાં લઈ ગયો, ત્યારે આ ઘટનાને કારણે ગામમાં તણાવનું વાતાવરણ જોવા મળ્યું હતું. માહિતી મળતાં જ પોલીસે બંને છોકરીઓને મેડિકલ ચેકઅપ માટે મોકલી હતી. તપાસ બાદ બંનેને બાળ સુરક્ષા એકમમાં મોકલવામાં આવી હતી.

માહિતી મુજબ, બાળ સુરક્ષા એકમે કાઉન્સેલિંગ પછી બંનેને પરિવારને સોંપી દીધી હતી. આ ઘટના બાદ પણ છોકરીઓ હજુ પણ પોતાના નિર્ણય પર અડગ જોવા મળી હતી. પરંતુ બંનેના પરિવારોએ તેવું કરવા પર સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. સમાજમાં તેમની પ્રતિષ્ઠાને કારણે પરિવાર આ લગ્નને માન્યતા આપી રહ્યો નથી.

## કોલકાતાની વિદ્યાર્થીની પર કોલેજ કેમ્પસમાં ગેંગરેપ, ત્રણ આરોપીઓની ધરપકડ કરાઈ

કોલકતા,તા.૨૮

કોલકાતામાં એક વિદ્યાર્થીની પર ગેંગરેપ થયો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ઘટના વિદ્યાર્થીની સાથે તેના કોલેજ કેમ્પસમાં જ બની હતી. પોલીસે આ ઘટનામાં સામેલ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે ગેંગરેપનો ભોગ બનેલી વિદ્યાર્થીની કાયદાનો અભ્યાસ કરતી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના ૨૫ જૂનના રોજ બની હતી. ધરપકડ કરાયેલા આરોપીઓમાં બે વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે.

તમને જણાવી દઈએ કે કોલકાતામાં વિદ્યાર્થીની પર બળાત્કારનો આ પહેલો બનાવ નથી. ગયા વર્ષે આરજી કર મેડિકલ કોલેજમાં એક વિદ્યાર્થીની પર બળાત્કાર કરીને તેની હત્યા કરવામાં આવી હતી. તે કેસમાં પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી હતી.

બાદમાં, સિયાલદાહ કોર્ટે આરોપી સંજય રોયને આજીવન કેદની સજા ફટકારી હતી. તેના પર ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. કેસના ૧૬૪ દિવસ પછી, દોષિત સંજય રોયને સજા ફટકારવામાં આવી હતી.

જોકે, કોર્ટે આ કેસને દુર્લભમાં દુર્લભ ગણવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે આ દુર્લભમાં દુર્લભ કેસ નથી. તેથી, મૃત્યુદંડ આપી શકાય નહીં. તે જ સમયે, સ્થાનિક કોર્ટે રાજ્યને પીડિતાના પરિવારને ૧૭ લાખ વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો, પરંતુ પરિવારે તે સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો.

Volume : 11 Issue : 77 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002